**આદર્શ નિવાસી શાળા (કુમાર), દેવગઢબારીયા, જિ.દાહોદના નવિન ડાયનિંગ હૉલ તથા સ્ટાફ માટે નવિન કવાર્ટર કેટેગરી સી-૬ યુનિટ્ના બાંધકામ કરાવવા અંગેની વર્ષ:૨૦૨૦-૨૧ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.**

**ગુજરાત સરકાર**
**આદિજાતિ વિકાસ વિભાગ**
ઠરાવ ક્રમાંક:અનશ/૨૦૨૦૧૯/ન.બા-૧૦/ગ
સચિવાલય, ગાંધીનગર
**તા.૧૩/૦૮/૨૦૨૦**

**વંચાણે લીધા:**

(૧) કમિશનરશ્રી(આ.વિ)ની કચેરી, ગાંધીનગરનો તા.૦૨/૧૨/૨૦૧૯ નો પત્ર નં.આવિ/અનશ/ફા.નં.૧૪૬૯/૨૦૧૯/૮૦૦ થી ૮૦૧

(૨) કમિશનરશ્રી (આ.વિ) ની કચેરી, ગાંધીનગરનો તા.૦૬/૦૨/૨૦૨૦ નો પત્ર નં.આવિ/અનશ/ન.બા/ફા.નં.૧૪૬૯/૨૦૧૯-૨૦/૧૭

**ઠરાવ:**

ઉપરોક્ત વંચાણે લીધેલા ક્ર:(૧) સામેના સંયુક્ત કમિશનરશ્રી, કમિશનર (આ.વિ.)ની કચેરી, ગાંધીનગરના પત્રથી આદર્શ નિવાસી શાળા (કુમાર), દેવગઢબારીયા, જિ.દાહોદ નવિન ડાયનિંગ હૉલ તથા સ્ટાફ માટે નવિન કવાર્ટર કેટેગરી સી-૬ યુનિટ્ના બાંધકામ કરાવવા અંગેની વર્ષ ૨૦૨૦-૨૧ની રૂ.૨૯૨.૦૧/-લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે આદર્શ નિવાસી શાળા (કુમાર), દેવગઢબારીયા, જિ.દાહોદ નવિન ડાયનિંગ હૉલ તથા સ્ટાફ માટે નવિન કવાર્ટર કેટેગરી સી-૬ યુનિટ્નાબાંધકામ કરાવવા અંગેની કુલ અંદાજીત ખર્ચ રૂ.૨૯૨.૦૧/-લાખની તથા વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ રૂ.૧૪૬.૦૧/-લાખની નવી બાબતને નીચેની શરતોની આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં થયેલ બજેટ જોગવાઈ અને તેની સામે નાણા વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા અંદાજો રજૂ કરી સક્ષમ અધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૩) બાંધકામના કામોમા P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૪) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતુ, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સુચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) શકય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૮) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) નાણા વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્ર.ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧ થી અપાયેલ કરકસરની સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે વિભાગે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૫) આદર્શ નિવાસી શાળાના બિલ્ડીંગ મુખ્ય સ્થપતિ અધિકારીશ્રી (માર્ગ અને મકાન) દ્વારા નિયત થયેલ સ્ટાન્ડડ ટાઇપ ડિઝાઇન તથા સ્પેશીફીકેશન મુજબ બનાવવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ આયોજન, મુખ્ય સદર:૪૨૨૫ અનુ.જાતિઓ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૨ અનુ.જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર:૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર:૪૨-વીકિવાય-૫૧ બીલ્ડીંગ હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૪/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.આર.ડોડીયા)
**સંયુકત સચિવ**
**આદિજાતિ વિકાસ વિભાગ**

**પ્રતિ,**

કમિશનરશ્રી(આ.વિ.), કમિશનર (આ.વિ)ની કચેરી, બિરસામુંડા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- મુખ્ય સ્થપતિ અધિકારીશ્રી (માર્ગ અને મકાન), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (આ.વિ.વિ), સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,આ.વિ.વિ ની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ
- શાખા સિલેકટ ફાઇલ